## જન્મદિને વધામણી


યશ લોઢા
મો. ૯૪૨૯૫ ૧૭૮૮૮


સેજલ દવે
મો. ૯૦૩૩૨ ૬૩૯૮૨


શૌર્ય ગોહિલ
મો. ૯૦૯૯૦ ૫૭૫૫૨


શારદાબેન નવનીતલાલ ત્રિવેદી
મો. ૯૮૯૮૦ ૨૪૬૦૮


સોમાભાઈ બી પટેલ
સરપંચ, પાલડી-વ્યાસ
ગ્રામ પંચાયત (સમરસ)
મો. ૯૪૨૮૬ ૧૪૪૯૦


રમેશચંદ્ર બી રાવલ
ફોન : ૨૩૨૮૮૯૨૩


જશુભાઈ સી પટેલ
મો. ૯૮૯૮૭ ૨૩૪૨૫


કાંતિલાલ શ્રીમાળી
મો. ૯૮૨૪૬ ૯૦૩૦૯


હેત મેવાડા
મો. ૯૯૦૯૦ ૩૫૫૯૯

# પ્રજ્ઞાચક્ષુઓ માટે કોમ્પ્યુટર કૌશલ સ્પર્ધા




સર્વિસ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડ, ગાંધીનગર અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે નેત્રહિનો માટેની પ્રથમ અખિલ ગુજરાત નેત્રહિન કોમ્પ્યુટર કૌશલ્ય સ્પર્ધા રવિવારે ગાંધીનગર ખાતે યોજાઈ હતી, જેમાં રાજ્યભરમાંથી આવેલાં પ્રજ્ઞાચક્ષુ કૉમ્પ્યુટર રસિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દષ્ટિની અક્ષમતાને કોરાણે મૂકીને માત્ર સ્પર્શ અને શ્રવણના માધ્યમથી કૉમ્પ્યુટર સ્કીલનું અદ્ભૂત પ્રદર્શન તેમણે કર્યું હતું. સર્વ વિદ્યાલય કૅમ્પસ, સૅક્ટર-૨૩માં સ્થિત મમતા કૉમ્પ્યુટર સૅન્ટર રાજ્યની આ પ્રથમ એવી ઈવેન્ટનું યજમાન બન્યું હતું. **(તસવીર : કશ્યપ નિમાવત)**

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ઉપક્રમે

# બીજી માર્ચથી સંસ્કૃતિ કુંજ ખાતે તૂરી-બારોટ સાંસ્કૃતિક મહોત્સવ

## મેવડો નૃત્ય, વેરાડી ઝૂલણાં, સળગતો ગરબો જેવી વિશિષ્ટ કૃતિઓ પ્રસ્તુત કરાશે

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત રાજ્યના તૂરી-બારોટ સમાજના કલાકારોની કલાની ઝાંખી કરાવતો રાજ્યકક્ષાનો સાંસ્કૃતિક મહોત્સવ આગામી બીજી માર્ચથી બે દિવસ માટે સંસ્કૃતિ કુંજ ખાતે યોજાઈ રહ્યો છે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ઉપક્રમે કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા 'ગુજરાત રાજ્ય તૂરી-બારોટ કલાકાર સાંસ્કૃતિક મહોત્સવ-૨૦૧૬' નામે આયોજિત આ કાર્યક્રમનો ઉદ્ઘાટન સમારોહ બીજી માર્ચના રોજ સંસ્કૃતિ કુંજ ખાતે સાંજે ૭ કલાકે યોજવામાં આવ્યો છે.

આ પ્રસંગે આયોજિત સમારોહમાં ઉદ્ઘાટક તરીકે દસાડા મત વિસ્તારના ધારાસભ્ય પુનમભાઈ કે મકવાણા, મુખ્ય મહેમાન તરીકે ગુજરાત અનુસૂચિત જાતિ, અતિ પછાત જાતિ વિકાસ નિગમના અધ્યક્ષ પ્રવીણભાઈ જે પંડ્યા ઉપસ્થિત રહેશે.

આ સાંસ્કૃતિક મહોત્સવ અંતર્ગત મહિસાસુરનો વધ, મેવડો નૃત્ય, વેરાડી ઝૂલણાં, બેડાં નૃત્ય, સળગતો ગરબો, રાવણહથ્થો, હાથીનો વેશ, કચ્છી ઘોડી, મરચી નૃત્ય, સનેડો અને લોકવાદ્ય ઢોલ જેવી વિશિષ્ટ કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવશે.

# સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવરનો ઈનામ વિતરણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

સહજાનંદ ઍજ્યુકેશન ઍન્ડ ચૅરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સહજાનંદ સ્કૂલ ઑફ ઍચીવર (ગુજરાતી-અંગ્રેજી માધ્યમ), સરગાસણનો પ્રેરણાદિન અને ઈનામ વિતરણ સમારોહ રવિવારે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આયોજિત કરવામાં આવ્યો હતો.

બૉર્ડ અને જિલ્લામાં સ્થાન હાંસલ કરનાર વિદ્યાર્થીઓને મોટી રકમના પ્રોત્સાહક ઈનામના ચૅક સંસ્થા વતી ટ્રસ્ટીગણ, મૅનૅજિંગ ટ્રસ્ટીએ અર્પણ કર્યા હતા.

કાર્યક્રમ અંતર્ગત સહજાનંદ સ્કૂલ ઑફ ઍચીવરના ધોરણ-૧૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરી, આત્મશ્રદ્ધાના બીજારોપણ થકી આગામી બૉર્ડ પરીક્ષામાં તેઓ જ્વલંત સફળતા હાંસલ કરી શકે તે માટે પ્રતિષ્ઠિત માઈન્ડ ટ્રેનર જિતેન્દ્ર અઢિયાનું વ્યાખ્યાન પણ યોજવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ તણાવમુક્ત રહી બોર્ડની પરીક્ષાને ઉત્સવની જેમ ઉજવે અને શ્રેષ્ઠ કારકિર્દીનું નિર્માણ કરી શકે તે હેતુસર પ્રતિષ્ઠિત માઈન્ડ ટ્રેનર સુહાગ પંચાલે વાલી, વિદ્યાર્થીગણને ઉપયોગી ટિપ્સ આપી અભિપ્રેરીત કર્યા હતા.




શ્રી ગજાનન સેવા સમિતિ, ગાંધીનગર દ્વારા ભીલોડા તાલુકાના જાભચિતરિયા વિસ્તારમાં ૧૦૮ નિરાધાર વૃધ્ધોને તથા અણસોલમાં ૧૨ વૃધ્ધોને ૩ કિગ્રી ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શામળાજી વિસ્તારની કુલ ૮ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કુલ ૮૫૦થી વધારે વિદ્યાર્થીઓ જેઓ ધોરણ-૧૨, ૧૦ની પરીક્ષા આપવા જઈ રહ્યા છે તેમને માટે બે બૉલપૅનનો સૅટ શુભકામનાઓ સાથે આપવામાં આવ્યો હતો. ઉપસ્થિત વિદ્યાર્થીઓને આ બૉલપૅન આપવામાં આવી હતી અને બાકીના વિદ્યાર્થીઓને આ બૉલપૅનનો સૅટ તેમની પરીક્ષાના ઓળખપત્ર સાથે આપવાની વ્યવસ્થા સંબંધિત શાળાઓએ સ્વીકારી હતી. સમિતિનાં આ સેવાકાર્યોમાં મિલિન્દ ગુપ્તે, કમલેશભાઈ, ત્રિવેદીભાઈ જોડાયા હતા.



ક્રિએટીવ ક્લબ, ગાંધીનગર દ્વારા ક્રિષ્ના વૃધ્ધાશ્રમ, સૅક્ટર-૬ ખાતે વડીલો માટે નિઃશુલ્ક તબીબી નિદાન કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. સૅસિલ પરમાર દ્વારા આ સેવા પૂરી પાડવામાં આવી હતી. ક્લબના સંકેત પોપટ, મિલન ભટ્ટ, સ્નેહા ચક્રવર્તી, મોનિકા ઠક્કર, દીપા મારૂ, પ્રિયાંક ઠક્કર આ સેવાકાર્યમાં જોડાયા હતા.

# વર્તમાન સમયમાં દરેક વસ્તુનું નૉલેજ જરૂરી હોવા કરતાં પણ વધારે નૉલેજ લર્નિંગની કેપેસિટી કેળવવાનો છે

ગાંધીનગર, તા. ૨૯

પીઆરઍલ દ્વારા સાયન્સ બેઝ પ્રોગ્રામ અંતર્ગત ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું, જે દરમ્યાન આઈઆઈટી, ગાંધીનગરના ડિરેક્ટર સુધીર જૈને આ શબ્દોનું ઉચ્ચારણ કર્યું હતું. વિદ્યાર્થીઓને સંબોધતાં તેમણે જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં ફાસ્ટેસ્ટ ચેન્જ આવી રહ્યો છે તેથી આપણે પણ તેની સાથે પરિવર્તિત થવું પડશે. વિદ્યાર્થીઓને સંબોધતા તેમણે કહ્યું કે, તમારો ગોલ માત્ર જૉબ મેળવવાનો નહીં, પણ એક્સલન્ટ જૉબ મેળવવાનો હોવો જોઈએ. આપણી એજ્યુકેશન સિસ્ટમમાં બાળકોને ફેક્ટ્સ, ટેકનોલોજી અને ઈન્ફોર્મેશન આપવામાં આવે છે, પરંતુ પ્રોબ્લમ સોલ્વ કરવાની ક્ષમતા શિખવવામાં આવતી નથી. વિદ્યાર્થીઓને બીબાઢાળ અભ્યાસ કરાવવાના બદલે ડિસ્કશન બેઝ્ડ એટલે કે પ્રેક્ટિકલ એજ્યુકેશન આપવું જોઈએ. તેમણે કહ્યું કે, વિદ્યાર્થીઓના શ્રેષ્ઠ વિકાસ માટે સ્કૂલ અને કોલેજમાં પ્રકારનો (હોરિઝોન્ટલ અને વર્ટિકલ) અભ્યાસક્રમ તૈયાર કરવો પડશે. વિદ્યાર્થીઓને માત્ર અભ્યાસ જ નહીં, જીવનના સિદ્ધાંતોના ધોરણોની પણ ઉપયોગીતા શીખવવી પડશે.

ઈસરો, અમદાવાદના ડિરેક્ટર ડૉ. તપન મિશ્રાએ જણાવ્યું હતું કે એજ્યુકેશનમાં વિદ્યાર્થીઓનું ફંડામેન્ટલ ક્લીયર નહીં હોય ત્યાં સુધી તેમની પાસે અસામાન્ય પરફોર્મન્સની અપેક્ષા રાખવી મુશ્કેલ છે. તેમણે ટેક્નોલોજી એન્ડ સાયન્સ ક્ષેત્રે છોકરાઓની સાથેસાથે છોકરીઓને પણ પ્રોત્સાહન આપવા ભાર મૂક્યો હતો.

ડૉ. તપન મિશ્રાએ વિભક્ત કુટુંબ અને સંયુક્ત કુટુંબમાં ઉછરતા બાળકો વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરતા કહ્યું કે, જે બાળકો સંયુક્ત કુટુંબમાં મોટા થાય છે તેમનો વધુ સારો વિકાસ થઈ શકતો હોય છે. પીઆરએલ દ્વારા વિદ્યાર્થીઓ અને વૈજ્ઞાનિકો વચ્ચે વન ટૂ વન ઈન્ટરેક્શન કરવા પ્લેટફૉર્મ પૂરું પાડવામાં આવ્યુ હતું. અમદાવાદ સીઈઈના ડાયરેક્ટર કાર્તિકેય સારાભાઈએ તેને વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ તક ગણાવી હતી કાર્યક્રમમાં 'પીઆરએલ એક નઝર મેં' અને 'દેખો ઓર માનો' એમ બે પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યુ હતું.

## સાચી શાંતિ ભગવાનનાં સ્મરણમાં છે : રાજેશકુમારજી

ગાંધીનગર, તા. ૨૯

'પહેલાં વ્યક્તિ પૈસાની પાછળ દોડે છે, પછી નામ અને પ્રતિષ્ઠાની પ્રાપ્તિ માટે પ્રયાસો કરે છે છતાં તેને શાંતિની પ્રાપ્તિ થતી. સાચી શાંતિ તો ભગવાનનાં સ્મરણમાં છે અને તેમને સમર્પિત ભાવથી જીવવામાં છે. પરંપરાગત ગૌરવવંતા ઉત્સવો દ્વારા ધાર્મિક-આધ્યાત્મિક માર્ગદર્શન પણ પ્રાપ્ત થાય છે', એમ વૈષ્ણવાચાર્ય રાજેશકુમારજી મહારાજે કલોલ ખાતેની ૧૨૫ વર્ષ જૂની ગોવર્ધનપ્રભુની હવેલી ખાતે સૌપ્રથમ વખત યોજાયેલા 'છપ્પનભોગ મહોત્સવ'ના અંતિમ દિવસે, રવિવારે જણાવ્યું હતું. આ નિમિત્તો શ્રીવલ્લભકુળના આચાર્યશ્રીઓ, સંતો, મહંતો તથા રાજકીય, સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. જ્યારે ભગવાનને ધરાવવામાં આવેલો છપ્પનભોગનો પ્રસાદ ૩૦,૦૦૦થી વધુ વૈષ્ણવોને પ્રાપ્ત થવાનો છે. આ મહોત્સવમાં ભાગ લેવા માટે અમદાવાદ ઉપરાંત સૌરાષ્ટ્ર અને ઉત્તરગુજરાતથી પણ મોટી સંખ્યામાં વૈષ્ણવો ઊમટી પડ્યા હતા. આ પ્રસંગે હવેલી અધ્યક્ષ વૈષ્ણવાચાર્ય વ્રજેશકુમારજી મહારાજ, ઉપાધ્યક્ષ રાજેશકુમારજી મહારાજ, યુવા આચાર્ય કૃષ્ણકુમારજી મહોદય સહિત શ્રીવલ્લભકુળના આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા અને વૈષ્ણવાચાર્ય કુંજેશકુમાર મહોદય દ્વારા પ્રકાશિત 'છપ્પનભોગ' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. હવેલી ખાતે ધર્મસભા અને છપ્પનભોગ(બડો મનોરથ)નું આયોજન કરાયું હતું.

# જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સૅક્ટર-૭ ખાતે શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્ય ઍસ કે ચૌધરીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ શુભેચ્છા સમારોહ અંતર્ગત ધોરણ-૯થી ૧૨માં અભ્યાસ કરતી અને વિવિધ ક્ષેત્રે સફળતા હાંસલ કરનારી વિદ્યાર્થીનીઓને ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. ધોરણ-૧૦માં ઉચ્ચ ગુણ સાથે પાસ થનારી વિદ્યાર્થીનીઓને રૂા. ૧૧૦૦નું રોકડ ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આરંભે સ્વાગત પ્રવચન આચાર્યા સંતોકબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. માહિતી ખાતાનાં નાયબ નિયામક પ્રજ્ઞાબેન એ પટેલ, ડીવાયઍસઓ ઉર્મિલાબેન ઝણકાર, સંસ્થાના કારોબારી સમિતિના હોદ્દેદાર શંકરભાઈ ચૌધરી, કૅમ્પસ ડિરેક્ટર ગણેશભાઈ ચૌધરી, ભગિની સંસ્થાનાં આચાર્યા પ્રવિણાબેન ચૌધરી, મીનાબેન ચૌધરી તથા ભાવનાબેન આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં. માનસિક તાણમાંથી મુક્ત રહેવું, સ્વસ્થ રહેવું વગેરે શીખ સાથે ધોરણ-૧૦, ૧૨ની પરીક્ષા આપવા જઈ રહેલી વિદ્યાર્થીનીઓ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓએ આ પ્રસંગે પોતાનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં.

કાર્યક્રમનું સંચાલન રમીલાબેન ચૌધરીએ કર્યું હતું, સુપરવાઈઝર ચારુલબેન પુરોહિતે વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યાં હતાં.

# ગુજરાત યુનિવર્સિટીના બજેટને મંજૂરી આપવા આજે સિન્ડિકેટની ખાસ બેઠક

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત યુનિવર્સિટીના બજેટને મંજૂરી આપવા માટે મંગળવારે સિન્ડિકેટની ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

આ બેઠક અંતર્ગત બજેટ મંજૂર કરવાથી લઈને નવી કોલેજને મંજૂરી આપવા સહિતના અનેક મહત્વના નિર્ણયો કરવામાં આવશે. યુનિવર્સિટીમાં વર્ષ દરમિયાન થયેલા તમામ નાણાકીય હિસાબો માટે બજેટ તૈયાર કરવામાં આવે છે. જેને સેનેટ દ્વારા આખરી મંજૂરી આપવામાં આવે છે. તે પહેલાં સિન્ડિકેટની મંજૂરી જરૂરી હોય છે જે માટે મંગળવારે સિન્ડિકેટની બેઠક બોલાવવાનું નક્કી કરાયું છે. બજેટ મંજૂર થયા બાદ તેને માર્ચ મહિનામાં મળનારી સેનેટમાં રજૂ કરાશે.

હાલ સિન્ડિકેટનું અસ્તિત્વ ન હોવાથી ટેકનિકલ, હાયર એજ્યુકેશન, આઈઆઈટી ડાયરેક્ટર અને હેલ્થ કમિશનર સહિતના હોદ્દાની રૂએ સિન્ડિકેટ સભ્યો ગણાતા તમામને હાજર રહેવા માટે મેન્ડેટ આપવામાં આવ્યો છે. નિયમ પ્રમાણે કોરમ પૂરું કરવા જેટલા સભ્યો ઉપસ્થિત ન રહે તો કુલપતિ, રજિસ્ટ્રાર ઉપરાંત તાજેતરમાં નિયુક્ત કરાયેલા ચાર સભ્યો અને મેડિકલના ડીનને હાજર રાખીને કોરમ પૂરું કરાશે. આગામી જૂન મહિનામાં નવી કોલેજોને મંજૂરી આપવી કે નહીં તે અંગે પણ ચર્ચા કરાશે. અગાઉ કોઈ કારણોસર મંજૂરી આપવામાં આવી નથી તેવી કોલેજોને હવે મંજૂરી આપી શકાય કે નહીં તે અંગે વિચારણા કરવામાં આવશે. આ ઉપરાંત ૧૦૦ કરોડની ગ્રાન્ટમાંથી કયા કયા કામ કરવા તે અંગે પણ વિચારણા કરાશે. સૌથી મહત્વની બાબત એ છે કે સેનેટ અને સિન્ડિકેટમાં અનામત બેઠકો રાખવા અંગે ચર્ચા કરીને નિર્ણય કરવામાં આવે તેવી શકયતા છે. નવી કોલેજોની મંજૂરી માટે એલઆઈસી માટેની રકમ બે લાખ રૂપિયા કરવામાં આવી છે તેનો કોલેજ સંચાલકો દ્વારા વિરોધ કરાયો હતો. આ રકમમાં ઘટાડો કરવાનો નિર્ણય પણ બેઠકમાં કરાશે.

# અંદરની સરવાણી ઓછી થતાં મન વિલાતું જાય છે

## તુલસી

વિલાયાં ને અંતે જરજર થયાં ને વન ગયાં,
ગયા મારી સામે, મુજ ઘર થકી આમ તુલસી.
રહી ના એકેય કૂંપળ લીલકી ડાળખી પરે,
ગયો લીલો જાણે સમય, સરક્યો, હાથ ન રહ્યો.
ગળાવીને જાણે હૃદય લઈને ગાર નીતર્યો
ચણાવી દીધો'તો ઘર સમીપનો ગોખ, ઉછર્યો
તમે કે'વેળામાં નહિ નહિ કશું યાદ, પણ હા
કશું ભીનું, મીઠું, મધુર મલક્યું 'તું સમયમાં
કથા જે બાકીની નવ કશું બન્યું, માત્ર આવશે -
સમેટાઈ મારી નજર તમથી, હોજ છલક્યા
કર્યા ખાલી ખઆલી નવ દઈ શક્યો બુંદ તમનો
સુકાયાં, શોષાયાં, તરસ થઈને સાવ, ન રહ્યાં.
તૂટેલી ડાળીના જીરણ પરણેથી ખરી ગયો
પ્રિયાનો ચહેરો કે તગતગી રહી માતની કીકી !

**- કનૈયાલાલ મ પંડ્યા (૨૪.૫.૧૯૪૭) : ઉદ્ગીથ (૧૯૯૯)**






સરસ મજાની માટીનો ગારો કરી આંગણામાં તુલસીક્યારો લિંપીને એમાં સરસ મજાનાં તુલસી વાવીએ છીએ. થોડીક માવજત, થોડુંક પામી અને થોડો હૂંફાળો તડકો મળતાં જ તુલસી કૂંડામાં મહોરી ઊઠે છે. લીલાંછમ કૂણાં પાંદડાંથી ખીલેલો તુલસીનો છોડ નજર સામે દેખાય છે અને આખ્ખું યે આંગણું હર્યુંભર્યું થઈ જાય છે. ઘરની શોભા વધી જાય છે.

જતનથી ઉછેરેલાં તુલસીને સવાર-સાંજ ગૃહિણી દિવો કરી માથું નમાવે છે અને મા તુલસીક્યારા પાસે બેઠાં-બેઠાં માળા ફેરવ્યા કરે છે. એક મીઠો, મધુરો, મનભાવન સમય ધીમે ધીમે વહેતો રહે છે, સરકતો રહે છે.

જેમ-જેમ વ્યવસ્તતા વધતી જાય છે તેમ-તેમ થોડીક લાપરવાહી આવતી જાય છે. કોઈ-કોઈ વાર તુલસીને પાણી રેડવાનું વિસરાઈ જાય છે અને ખબરેય ન પડે તેમ તુલસીનો ખીલેલો છોડ મૂરઝાતો જાય છે. જર્જરિત થતાં-થતાં પાંદડાં ખરી પડતાં ક્યારામાંથી તુલસી નામશેષ થઈ જાય છે, રહી જાય છે માત્ર તુલસીક્યારો. એ જોઈને હૃદયમાંથી એક હળવી ચીસ નીકળી પડે છે. મન ઉદાસ થઈ જાય છે. પણ હવે એ મુરઝાયેલો છોડ ફરી પાંગરતો નથી.

સંબંધોનું યે એવું જ નથી ? સ્વજનોને સમય આપી શકાતો નથી. હૂંફ અપાતી નથી. ધીરે-ધીરે ભીતરની ભીનાશ ઓછી થતાં સરસ મજાનો પાંગરેલો સ્નેહ મૂરઝાતો જાય છે. આ પરિવર્તન એકાએક નથી આવતું પણ આપણી નજરે ય ન પડે તેમ, અંદરની સરવાણી ઓછી થતાં મન વિલાતું જાય છે, લીલાશ ઓછી થતી જાય છે અને આખરે નિષ્પ્રાણ થઈ જાય છે. ઉપર-ઉપરથી વાતચીત થતી રહેતી હોવા છતાં અસલનો રણકો સંભળાતો નથી અને જીવ કોચવાયા કરે છે. પણ ફરીથી એ જ હળવાશ, એ જ પ્રસન્નતા કે તાજગી લાવી શકાતાં નથી. રહી જાય છે માત્ર સુક્કી ડાળખી જે ફરીથી પાંગરી શકતી નથી, રહી જાય છે માત્ર વસવસો - યોગ્ય સમયે કાળજી નહીં રાખવાનો.

# ગ્લોબલ સોલાર કાઉન્સીલના કો-ચૅરમૅન તરીકે પ્રણવ મહેતાની નિયુક્તિ કરાઈ

ગાંધીનગર, તા. ૨૯

વિશ્વની સોલાર ઈન્ડસ્ટીર વાતાવરણના બદલાવ માટે એકત્રિત થઈ અને ભારતના સોલાર લીડર પ્રણવ મહેતાની પૅરિસમાં પ્રારંભ થયેલી ગ્લોબલ સોલાર કાઉન્સીલના કો-ચૅરમૅન તરીકે નિયુક્તિ કરવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું દૂરંદેશી પગલું ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સની રચના કે જે મૂળભૂત રીતે સરકારનું જ પગલું છે તેને પ્રતિસાદ આપવા વાતાવરણના બદલાવનો પ્રતિકાર કરવા વિશ્વની સોલાર ઈન્ડસ્ટ્રીઝ એકત્ર થઈ છે અને ગ્લોબલ સોલાર કાઉન્સીલનો ડિસેમ્બરમાં વાતાવરણમાં બદલાવ સંબંધિત કાર્યક્રમો કરવા પ્રારંભ કરવામાં આવ્યો છે. આ પગલાંને યુએસએ, જર્મની, ચાઈના, ભારત, ફ્રાન્સ, ઈટાલી, સ્પેન, ઓસ્ટ્રેલિયા, બ્રાઝીલ અને ઈઝરાયલ જેવા દેશોનાં રિજનલ અને નેશનલ સોલાર એસોસિએશનનો સહયોગ સાંપડ્યો છે, જેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે સોલાર ઈન્ડસ્ટ્રીને એકત્ર કરશે, તેમની શ્રેષ્ઠ સેવાઓ દર્શાવશે અને આંતરરાષ્ટ્રીય માર્કેટના વિકાસને વેગ આપશે તથા ગ્લોબલ વોર્મિંગ અને વાતાવરણના બદલાવને લીધે ઉદ્ભવનારી આડઅસરોને ન્યૂનતમ સ્તરે લાવવા પ્રયત્નો કરશે.

કાઉન્સિલ ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સના સહયોગમાં કામ કરશે, જેનું કાર્યાલય અન્ય વૈશ્વિક કાર્યાલયોની સાથે દિલ્હીમાં રહેશે.